સરકારી / બિન સરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના નોર્મ્સ સુધારવા માટે સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૯૯/૧૬૫(૧)/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૬/૫/૨૦૦૦.

વંચાણે લીધા :-

(૧) આ વિભાગનો તા.૨૫/૧/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૯૯/૧૬૫(૧)/ગ,
(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૯/૩/૨૦૦૦ ના પત્ર ક્રમાંક:અનદ/૧/ઘ/માધ્ય/નોર્મ્સ/૪૧૫૬.

ઠ રા વ :-

ઉપર આમુખ ક્રમાંક (૧) માં જણાવેલ આ વિભાગના તારીખ: ૨૫/૧/૨૦૦૦ ના ઠરાવથી રચવામાં આવેલ સમિતિની મુદ્દત તા.૨૫/૩/૨૦૦૦ ના રોજ પુરી થઇ ગયેલ છે. જે મુદ્દત વધારવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો. સદરહું બાબતમાં જરુરી વિચારણા કર્યા બાદ ઉકત સમિતિની મુદ્દત વધુ બે માસ માટે એટલે કે તા.૨૫/૫/૨૦૦૦ સુધી લંબાવવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

વધુમાં જણાવવાનું કે, સમિતિના ત્રણ સભ્યો અસહકાર દાખવે તો તેના કારણે સમિતિની કાર્યવાહી અટકી પડે તેવા કોઇ સંજોગોમાં ચલાવી લઇ શકાય નહી માટે તેવા સભ્યોની અનઉપસ્થિતિમાં પણ સમિતિ દ્વારા કાર્યવાહી કરવા માટે આ લંબાવેલ મુદ્દત પૂર્ણ થાય તે પહેલાં ભલામણ અહેવાલ સરકારશ્રીમાં

....૨,

મોકલી આપવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( મહેશભાઈ શાહ )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- સર્વે સંબંધકર્તાઓ ( કમિશ્નરશ્રી ઓફ સ્કુલ્સની કચેરી દ્વારા)૨૦-નકલો સાથે.
- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરી
- બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, અમદાવાદ.
- સંબંધિત સરકારમાન્ય સંઘો, (ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી મારફત)
- ડી.એસ.ઓ. ફાઈલ.
- સિલેકટ ફાઈલ.

શૈ. ૧૫/૫.